ગાંધીનગર સમાચાર

હિંસા અને જાહેર સંપતિને નુકશાન કરનાર સામે કડક પગલા ભરવા સૂચના

# સ્માર્ટ પ્રોજેકટના અમલથી 'નો પાર્કીંગ ઝોન'ના વાહનો ટોઈંગ કરવા નહી પડે

**સાલ ટેકનિકલ કેમ્પસના પ્રો.કૌશલ જાનીએ વ્હીકલ આઇ કાર્ડના માધ્યમથી સ્માર્ટ એપ્લીકેશન તૈયાર કરી : પ્રોજેકટનો અમલ થાય તો ઇ ચલનના દંડની ભરપાઇ પણ સરળ બનશે પોલીસની કામગીરી વધુ સરળ અને પારદર્શક બનશે**

ગાંધીનગર તા ૨૧

ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવાના શમણા સેવાઈ રહયા છે.ત્યારે સાલ ટેકનિકલ કેમ્પસના આસિસ્ટન્ટ પ્રોફેસરે સ્માર્ટ સીટી પ્રોજેકટ અંતર્ગત વ્હીકલ આઈ કાર્ડ ફોર સ્માર્ટ ગુજરાત પ્રોજેકટ તૈયાર કર્યો છે. જેના આધારે વાહનની ઓળખ દર્શાવતુ કાર્ડ તૈયાર કરી શકાશે. આ એપ્લીકેશનના અમલથી પોલીસની કામગીરી સરળ બનશે. નો પાર્કીંગ ઝોન માં મુકાયેલા વાહનો પણ ટોઈંગ કરવાની જરૂર નહીં પડે તેમજ ટ્રાફિક નિયમનના ભગ બદલ પોલીસે ઈ પોસ્ટથી ચલન નહીં મોકલવા પડે તેવી વ્યવસ્થા પણ આ નવી એપ્લીકેશનના આધારે ગોઠવાઈ શકે તેમ હોવાનુ કૌશલ જાનીએ જણાંવ્યુ છે. આજે તેમણે આ પ્રોજેકટનુ પ્રેઝન્ટેશન એ આર ટી ઓ સમક્ષ કર્યુ હતુ. આગામી મંગળવારે ગૃહમંત્રીને પણ આ પ્રોજેકટની અમલવારી માટે રજુઆત કરવામાં આવશે.



ગાંધીનગરને સ્માર્ટ સીટી બનાવાની ગતિવિધિઓ હાથ ધરવામાં આવી છે. ત્યારે શહેરમાં સ્માર્ટ સીટીને અનુરૂપ સુવિધાઓ ઉભી કરવા માટે પણ મથામણ કરવામાં આવી રહી છે. સ્માર્ટ સીટીના અભિગમને વેગ આપવા તેમજ પોલીસની કામગીરી વધુ પારદર્શક અને ઝડપી બને તેવા આશયથી સાલ ટેકનિકલ કેમ્પસના આસિસ્ટન્ટ પ્રોફેસર કૌશલ જાની દ્વારા એક વિશિષ્ટ પ્રકારની સ્માર્ટ એપ્લીકેશન

● અનુસંધાન પાન-૭ પર

# મોડીરાત્રે બે સ્થળે બસ સળગાવવાના પ્રયાસ

**ઝુંડાલ પાસે મુસાફરો ભરેલી બસમાં જવલનશીલ પ્રવાહીની બાટલી ફેંકી : ત્રણ વાહનોમાં આવેલા છ શખ્સો સામે ફરીયાદ : એક મુસાફર દાઝી ગયો : ગાંધીનગર ડેપોમાં પેટ્રોલની પોટલી લઈને બસ સળગાવવા ઘુસેલો યુવાન પકડાયો : ચાર શખ્સો ફરાર**


ઝુંડાલ પાસે....


ગાંધીનગર ડેપો

ગાંધીનગર, તા. ૨૧

દલીત સમાજના યુવાનો પર થયેલા અત્યાચારોને પગલે રાજ્યભરમાં રોષની જ્વાળા ફેલાઈ છે. આ રોષની જ્વાળા હિંસક બનતી જાય છે. ગાંધીનગર શહેર તથા ઝુંડાલ ખાતે મળીને મોડી રાત્રે બે સ્થળોએ એસ.ટી. બસ સળગાવવાના પ્રયાસો થયા હોવાની ઘટના બનવા પામી છે. ડેપોમાં પેટ્રોલની પોટલી લઈને બસ સળગાવવા ઘુસેલો યુવાન ડેપોના કર્મચારીની સતર્કતાથી પકડાઈ ગયો હતો. જ્યારે ચાર ફરાર થઈ ગયા હતા. તે ઉપરાંત ઝુંડાલ કેનાલ બ્રીજ પર મુસાફરો ભરેલી એસ.ટી. બસ રોકીને એક એક્ટીવા અને બે બાઈક એમ ત્રણ વાહનોમાં આવેલા છ શખ્સોએ જવલનશીલ પ્રવાહી ભરેલી બોટલ બસમાં ફેંકી બસ સળગાવવા પ્રયત્ન કર્યો હતો. અંદર બેઠેલો મુસાફર દાઝી જતા તેને ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ કરવામાં આવ્યો છે. જો કે તેણે સમયસુચકતા દાખવીને તે બોટલ બસમાંથી બહાર ફેંકી દેતા બસ સળગતા બચી ગઈ હતી..! બંને પ્રકરણમાં પોલીસે ગુના દાખલ કરી કાર્યવાહી શરૂ કરી છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગેરકાયદે બાંધકામ અને જીડીસીઆરના ભંગ મુદ્દે સર્વેની કામગીરી આરંભાઈ

**મનપાએ ત્રણ ટીમો બનાવી કામગીરી હાથ ધરી છે : શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં પણ સર્વે કરશે**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગર પાલિકાની હદમાં આવેલ સેક્ટરોમાં ૨૫૦ ચો.મી. અને ૩૩૦ ચો.મી. અને અન્ય પ્લોટોમાં ફ્લેટનું બાંધકામ થયેલ હોય અને જેમાં અમલી જીડીસીઆર સિવાયનું બાંધકામ થયેલ હોય તેના સર્વે માટે મનપાએ ત્રણ ટીમો બનાવી કામગીરી હાથ ધરી છે.

મનપાએ બનાવેલી આ ટીમો પૈકી એક ટીમ સે. ૧ થી ૮, બીજી ટીમ સે. ૯ થી ૨૧ અને ત્રીજી ટીમ સે. ૨૨ થી ૩૦ તેમજ શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં સર્વે કરશે.

મળતી વિગતો પ્રમાણે ૨૭ જુલાઈ સુધીમાં આ સર્વેનું કામ પૂર્ણ કરી દેવાશે અને ઓગષ્ટના પ્રથમ સપ્તાહમાં આ અંગેની નોટીસોની બજવણી પણ કરવાનું આયોજન મનપાના તંત્રએ વિચાર્યુ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાની છેલ્લી સામાન્ય સભામાં ગેરકાયદે બાંધકામનો મુદ્દો દબાણ ઝુંબેશને લઈ ઉઠાવાયો હતો અને મેયર પ્રવિણ પટેલે આ અંગે સર્વે કરાવી પગલાં લેવામાં આવશે તેવી હૈયાધારણ પણ આપી હતી. ગેરકાયદે બાંધકામને લઈ ભાજપ-કોંગ્રેસના સભ્યોએ કરેલી રજુઆત પછી હરકતમાં આવેલા તંત્રએ આ સર્વેની કામગીરી હાથ ધરી છે.

# હિંસા અને જાહેર સંપતિને નુકશાન કરનાર સામે કડક પગલા ભરવા સૂચના

ગાંધીનગર, તા. ૨૧

રાજ્યમાં હિંસા અને જાહેર સંપતિને નુકશાન કરતા લોકો સામે કાયદાની જોગવાઈ અનુસાર કડક કાર્યવાહી કરવા રાજ્યના પોલીસ વડાએ તમામ સી.પી. અને એસ.પી. ને સૂચનાઓ આપવામાં આવી છે.

ઉનામાં નોંધાયેલ ગુના સંદર્ભે વિરોધ દર્શાવવા સારૂ રાજ્યમાં હાલમાં વિવિધ સંગઠનો દ્વારા સભા રેલી અને ધરણાના કાર્યક્રમો ચાલી રહેલ છે. આ કાર્યક્રમો મહદઅંશે શાંતિપૂર્ણ રીતે ચાલી રહેલ છે. પરંતુ કેટલાક સ્થળોએ હિંસા અને ખાસ કરીને જાહેર સંપતિને નુકશાન કરવાના બનાવો નોંધાયેલ છે. રાજ્યના પોલીસ વડાએ તમામ પોલીસ કમિશનરો તથા પોલીસ અધિક્ષકોને હિંસા અને જાહેર સંપતિને નુકશાન કરતા લોકો સામે કાયદાની જોગવાઈ મુજબ કડક હાથે કામ લેવા તેમજ આવા બનાવો વખતે વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફીનો વ્યાપકપણે ઉપયોગ કરવો કે જેથી કરીને તે વિડીયોગ્રાફી તથા ફોટોગ્રાફીનો પુરાવા તરીકે ઉપયોગ કરી શકાય તેવી સુચના આપવામાં આવી છે.

# પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશના ચાર મહીના બાદ પણ તંત્ર પાસે ડેટા તૈયાર નથી

**વેરા વસુલાત ક્ષેત્રે માત્ર ૫૦ ટકા કામગીરી હુજ બાકીદારોનુ ચિત્ર સ્પષ્ટ નથી**

ગાંધીનગર તા ૨૦

શહેરમાં પાણી ગટર વેરા વસુલાત ઝુંબેશના ચાર મહીનાના અંતે પણ તંત્રના ચોપડે ડેટા તૈયાર નથી. દરવર્ષની જેમ આ વર્ષે પણ વસુલાતની નબળી કામગીરીના અંતે બાકીદારોની યાદી અધ્ધરતાલ છે. નગરજનોની પાણીની જરૂરિયાત સંતોષવા માટે સરકાર દરવર્ષે કરોડો રૂપિયોનો ખર્ચ કરે છે.જયારે પાણી ગટર વેરાની વસુલાતના મામલે બીલ તૈયાર કરવા માટેનો લાખોનો ખર્ચ પણ પાણીઢોળ સમાન પુરવાર થયો હોવાનુ ચિત્ર ઉપસી આવ્યુ છે. પાણી ગટર વેરો ભરાપાઈ કરવામાં જોડાણકર્તાઓની ઉદાસીનતા પણ નબળી કામગીરી માટે જવાબદાર છે.

શહેરમાં પાણીની જરૂરિયાત સંતોષવા માટે દરવર્ષે કરોડો રૂપિયાનો ખર્ચ કરવામાં આવે છે. જયારે પાણી ગટરની આવશ્યક સેવા માટે તોતિંગ ખર્ચના અંતે પાણી વેરો વસુલવાની ઝુંબેશ પણ અસરકારક પુરવાર થઈ નથી. શહેરમાં પાણી ગટર વેરાની વસુલાતના બાકી માંગણા સામે તંત્ર દ્વારા હાથ ધરાયેલી એડવાન્સ વસુલાતના અંતે માંડ ૫૦ ટકા જ કામગીરી થઈ શકી છે. અલબત્ત વસુલાતનો આંકડો ૫૦ ટકા એ પહોંચ્યો છે. જયારે વર્ષો જુના બાકી માંગણા સાથે તંત્રના ચોપડે મોટી ઉધારી ઉતરી છે. દરવર્ષે માર્ચ મહીનામાં હાથ ધરાતી એડવાન્સ વેરા વસુલાતના અંતે પણ ઝુંબેશની કામગીરી સાવ બીબાઢાળ હોવાનુ

● અનુસંધાન પાન-૭ પર

# વિકાસ કામો માટે અપાતી ગ્રાન્ટ યથાવત રાખવા કોંગ્રેસની માંગ

**મેયર અને કમિશનરને મળી કાઉન્સીલરોએ ઉગ્ર વિરોધ નોંધાવ્યો : મેયરે મન ખુલ્લુ હોવાનું કાઉન્સીલરોને કહ્યું**

ગાંધીનગર, તા. ૨૧

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા તેના કાઉન્સીલરોને અપાતી વિકાસ કામો માટેની ગ્રાન્ટના ખર્ચ બાબતે કોર્પોરેશન દ્વારા કરવામાં આવેલ પરિપત્ર સામે આજે કોંગ્રેસના કાઉન્સીલરોએ આ હુકમ રદ કરવા તેમજ તમામ સભ્યો સાથે પરામર્શ માટે બેઠક બોલાવી નીતિ તૈયાર કરવામાં આવે તે માટે મેયર પ્રવિણ પટેલ તથા મ્યુનિ. કમિશનર મોદીને મળી ઉગ્ર રજુઆતો કરી હતી.

કોંગ્રેસના તમામ કાઉન્સીલરોએ આજે પ્રથમ મેયર પ્રવિણ પટેલને બપોરે એક વાગે મળી આ પરિપત્ર રદ કરવા જણાવ્યુ હતુ. કોંગીના શૈલેન્દ્રસિંહ બિહોલાએ જણાવ્યું હતું કે અમે પત્ર લખ્યો હતો તેમાંથી એક પણ બાબત સમાવવામાં આવી નથી. ચીમનભાઈ વિંઝુડા, જીતુ રાયકા અને પિન્કીબેન પટેલે પરિપત્રનો વિરોધ કરતાં જણાવ્યું હતું કે જે કામો માટે ખર્ચ કરવા જણાવાયુ છે તે બધુ તો સરકારની જવાબદારીનો ભાગ છે અને સરકાર તે માટે નાણાં ફાળવે જ છે.



રાયકાએ વિરોધ કરતાં જણાવ્યું હતું કે ઘ અને ચ રોડની સેન્ટ્રલ વર્જ વિકસાવવાનું કામ સરકાર અને વન વિભાગ કરી રહેલ છે. તમે કાલે સ્વર્ણીમ સંકુલની ખુટતી કડીઓ જોડવાનું કહેશો તો કેમ ચાલશે. સર્કલોને થીમ બેઝ વિકસાવી દેવાયા બાદ હવે શું કરવાનું બાકી રહે છે.

શૈલેન્દ્રસિંહ બિહોલા અને હસમુખ મકવાણાએ જણાવ્યુ હતુ કે ગ્રામ્ય વિસ્તારમાં કામો કરી શકાય તેવી કોઈ બાબત નહિ સમાવી ગ્રામ્ય વિસ્તારને અન્યાય કરવાની પરંપરા ચાલુ કરાઈ છે.

જયરાજસિંહ અને હિરલ જોશીએ જણાવ્યુ હતુ કે નવા કાઉન્સીલરોને બાંકડા માટે મર્યાદિત રકમ આપવી જોઈએ. તેમજ સોલાર લાઈટો જે બંધ પડી છે તેના મરામત માટે કેમ કોઈ બોલતુ નથી.

હસમુખ ઠાકોર, પિન્કી પટેલ અને હિરલ જોશીએ એવી પણ રજુઆત કરી હતી કે સોલાર લાઈટને બદલે એલ.ઈ.ડી. લાઈટના કામ સૂચવવાની જોગવાઈ કરો અને તેનું કામ માર્ગ-મકાનના વિદ્યુત વિભાગને સોંપો જેથી ભ્રષ્ટાચારની કોઈ જ જગ્યા રહે નહિ અને ટોરેન્ટ પાવર વિદ્યુત વિભાગ સાથે સંકલનમાં રહી કામગીરી કરી શકે.

મેયર પ્રવિણ પટેલે જણાવ્યું હતુ કે આ માટે સંકલન બેઠક

● અનુસંધાન પાન-૭ પર


**આઠમી વાષિક પુણ્યતિથિએ**

**શ્રધ્ધાંજલિ**



પં.પૂજ્ય બા હંસાબેન વિષ્ણુપ્રસાદ વ્યાસ

સ્વ.તા.૨૨-૭-૨૦૦૮

સર્વ મંગલ માંગલ્યે
શિવે સવાર્થ સાધિકે
શરણ્યે ત્ર્યંમ્બકે ગૌરી
નારાયણી નમોસ્તુતે
પરમ પૂજ્ય મા નાં શ્રીચરણોમાં
સર્વ કુટુંબીજનોના શત શત
પ્રણામ સાથે શ્રધ્ધાંજલિ
યોગેશ વિષ્ણુપ્રસાદ વ્યાસ
દર્શના યોગેશ વ્યાસ
સ્વ. કલ્પના સતિષકુમાર ભટ્ટ
સતિષકુમાર શાંતિલાલ ભટ્ટ
જાગૃતિ રાહુલ મહેતા
રાહુલકુમાર શાંતિલાલ મહેતા


અમિ, વત્સલ, પ્રાચિ, ખુશાલી, અદિતિ

વ્યાસ પરિવાર
ફર્મ : લાડલી બ્યુટી કલેકશન
M. 9824544036

બી-૧૯, ડીસ્ટ્રીક્ટ શોપીંગ, સેકટર-૨૧



## સ્મરણાંજલિ



**સ્વ. કાસમભાઈ તિરમીઝી**
**સ્વ. તા. ૧૬/૭/૨૦૧૬**

સૌજન્ય, સદ્દભાવન, સ્નેહ જેનો સ્વભાવ હતો,
સહજતા, સેવા, સૌમ્યતા જેના સદ્ગુણો હતા,
પરહિત, પ્રેમ અને લાગણીશીલતા જેની કર્મનિષ્ઠા હતી
તેવા દિવ્ય આત્માને સ્મરણાંજલિ
પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

**અબ્દુલભાઈ મનસુરી**
**શિરીષ ઠાકર**



## નોટીસ

સાંચા કામ સબબે તારીખ ૨૫/૭/૨૦૧૬, સોમવારના રોજ નીચે જણાવેલ વિસ્તારનો વિજ પુરવઠો સવારના ૧૦.૦૦ કલાકથી બપોરના ૧.૦૦ કલાક સુધી બંધ રહેશે. જેની માનવંતા ગ્રાહકોએ નોંધ લેવા વિનંતી. તકલીફ બદલ ક્ષમા કરશો.

(૧) સેક્ટર-૮/એ, ગવર્મેન્ટ બોર સબ સ્ટેશન

સહી/-
ટોરેન્ટ પાવર લીમીટેડ



## ભાવાંજલિ



**સ્વ. કાસમભાઈ તિરમીઝી**
**સ્વ. તા. ૧૬/૭/૨૦૧૬**

સૌજન્ય, સદ્દભાવન, સ્નેહ જેનો સ્વભાવ હતો,
સહજતા, સેવા, સૌમ્યતા જેના સદ્ગુણો હતા,
પરહિત, પ્રેમ અને લાગણીશીલતા જેની કર્મનિષ્ઠા હતી તેવા
દિવ્ય આત્માને ભાવાંજલિ
પ્રભુ તેમના આત્માને શાંતિ અર્પે એ જ પ્રાર્થના...

લિ.

**ગોવિંદભાઈ દેવાભાઈ ભરવાડ**
(માજી પ્રમુખ, ગાંધીનગર તાલુકા પંચાયત)
**ભલાભાઈ દેવાભાઈ ભરવાડ**
(ડેપ્યુટી સરપંચ, ભાટ ગ્રામ પંચાયત)
**દેવાભાઈ નાથાભાઈ ભરવાડ પરિવાર - ભાટ**



**ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...**

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

# જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ



## ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ

ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે

- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય

ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in


Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com